# સાત સમંદર પાર રહેતા પિટરને ગાંધીજીનું એવું વળગણ છે કે તે દર વર્ષે ભારત દોડી આવે છે

—પ્રતિનિધિ તરફથી

રાજકોટ, તા. ૫ જગતભરને અહિંસા અને સત્યાગ્રહનો માર્ગ બનાવનાર મુઠ્ઠી હાડકાંનો દેહ ધરાવનાર જવાન ડોસલા જેવા રાષ્ટ્રપિતા ગાંધીજીને આપણે ધીરે ધીરે ભૂલી રહ્યાં છીએ ત્યારે પશ્ચિમના દેશો આ મહાન માણસના જીવન અને તેના ઉપદેશથી વધુને વધુ પ્રભાવિત થતા જાય છે.

આપણે ત્યાં તેમના જન્મ દિને કે નિર્વાણ દિને યોજાતી પ્રાર્થના સભાઓમાં ત્રણ આંકડાની સંખ્યામાં ય લોકો હાજર નથી રહેતા તે સમયે પશ્ચિમના દેશના કેટલાય લોકો ચાર આંકડાનો પગાર છોડી ગાંધીજી વિષે અભ્યાસ કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

ગાંધીજીના જીવન અને તેના સંદેશાઓથી પ્રભાવિત થનારાઓ કયાં કયાંથી, કયાં કયાં જાય છે એ બહુ ઓછાને ખબર છે. આવી જ એક વ્યકિત છેક જર્મનીથી રાજકોટ આવી છે પણ તેના વિષે બહુ ઓછા લોકો જાણે છે.

જર્મનીના આ માણસનું નામ છે પિટર રયુહે. ૧૯૮૩માં પિટરભાઈએ ગાંધીજી વિષે જર્મનીમાં વાંચ્યુ સાંભળ્યું અને બસ ગાંધીજીને પૂજવા લાગ્યા. તેમણે



અને તેમના જેવા જ ગાંધીજીના જીવનમાં રસ દાખવનાર લોકોએ ૧૯૮૪માં ગાંધી ઈન્ફર્મેશન ઈન્સ્ટીટયુટની સ્થાપના કરી. હાલ તે અહીં આવેલ છે અને રાષ્ટ્રીયશાળામાં એક રૂમમાં રહે છે.

રાજકોટ આવેલા પિટર રયુહે જનસત્તાને જણાવ્યાં અનુસાર તે છેલ્લા આઠ વર્ષથી દર ડિસેમ્બર માસમાં રાજકોટ આવે છે અને ગાંધીજી વિષે શકય તેટલી માહિતી એકઠી કરે છે.

"ગાંધીજી પ્રત્યે આવો લગાવ કઈ રીતે થયો ?" તેવા એક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે ગાંધીજીએ જગતને જે સંદેશો આપ્યો છે તે અદ્દભૂત છે. અહિંસા અને પર્યાવરણ બચાવવાની વાત તેમણે કરી હતી તે મહાન છે. ગાંધીજીના આ વિચારે વિષે પશ્ચિમના લોકો ખૂબ ઓછું જાણતા હોવાથી તેના વિચારોનો પ્રચાર પ્રસાર કરવા અને તેમના વિષે શકય તેટલી માહિતી એકઠી કરવા અમે નક્કી કર્યું અને '૮૪માં એક સંસ્થા સ્થાપી.

ગાંધીજી વિષે વધુમાં વધુ લોકો જાણે તે માટે અમે ૧૯૮૪ના જાન્યુઆરી થી એપ્રિલ દરમિયાન

-(➔ ૧૫ બીજા પાને)

જનસત્તા, 6.2.92

## સાત સમંદર (➔ છેલ્લા પાનાનું ચાલુ)

એક પ્રદર્શન જર્મનીમાં યોજયું હતુ. જેને જબ્બર પ્રતિસાદ મળ્યો હતો. અને લગભગ ૧૦ હજારથી વધુ લોકોએ તેનો લાભ લીધો હતો. આ ઉપરાંત ગાંધીજી વિષે જાણકાર લોકોના ૧૫ પ્રવચનો પણ અમે યોજ્યા હતા તેમ પણ તેમણે જણાવ્યું હતું.

ભારતમાં અને ખાસ કરીને અહીં (રાજકોટમાં) લોકોને ગાંધીજી વિષેના સાહિત્યની ખૂબ ઓછી કિંમત અને મહત્તા છે તેમ તેણે દુ:ખ સાથે જણાવ્યુ હતું. અહીં કોઈ ગાંધીજી વિષેના કોઈ પુસ્તક કે ફોટો બતાવે ને હું તેને એમ કહું કે તમારી પાસે ખૂબ કિંમતી વસ્તુ છે, તમે તેને સાચવી રાખજો તો તેઓને ખૂબ આશ્ચર્ય થાય છે કે આ વસ્તુની કિંમત વળી એવી તે કેવી હશે ? તેમ પણ તેમણે કહ્યુ હતું.

ભારતની હાલની સ્થિતિ અને ગાંધીજીનાં વિચારો વિષે તમારો શો અભિપ્રાય છે એમ પૂછતાં તે સહેજ વિચારમાં પડી ગયા હતા અને પછી એટલું જ કહ્યું કે ભારતમાં હાલ અંધકારમય સ્થિતિ હોય તેવું લાગે છે અને લોકોને ગાંધીની શૈલી, વિચારોમાં ઓછો રસ હોય તેવું લાગે છે તેમ કહી તરત જ તેમણે ઉમેર્યું કે આ વિષે હું વધુ કંઈ નહીં. કહી શકું કારણ કે હું કોઈ ટીકાકાર કે વિવેચક નથી.

ગાંધીજીના વિચારોનો ભારતમાં જ વધુ પ્રસાર કરવા ૧૯૯૪માં કે જ્યારે ગાંધીજીનું શતાબ્દિ વર્ષ ઉજવાનાર ત્યારે ૨જી ઓકટોબર-૯૪ના દિવસે પોરબંદરથી દિલ્હી સુધીની એક સાઈકલ યાત્રા કાઢવાનું આયોજન કર્યું છે જે દાંડીકૂચના અને ગાંધીજી જ્યાં જ્યાં ગયા હતા તે માર્ગે આગળ વધશે. આ દરમિયાન યાત્રીઓ ગાંધીજી જ્યાં રોકાયા હતા તે સ્થળોની મુલાકાત લેશે અને ગાંધી આશ્રમ કે એવી સંસ્થામાં જ રહેશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

ભારતમાં થઈ રહેલી હિંસા વિષે અને પોરબંદર બીજું શિકાગો બની ગયું છે તે વિષે વિચારો પ્રદર્શિત કરવા તેને કહેવાયું ત્યારે તેણે જણાવ્યું કે હિંસા આજકાલની નથી. પથ્થરયુગમાં પણ હિંસા થતી હતી. ત્યારે કૂહાડીથી લોકો લડતા હતા આજે અત્યાધુનિક શસ્ત્રોનો ઉપયોગ થાય છે છતાં આ વિષે હું કોઈ કોમેન્ટ નહીં કરૂં તેમ પણ તેણે જણાવ્યું હતું.

આ પિટરભાઈની સંસ્થા દ્વારા તા. ૧૫મીએ ચિત્ર સ્પર્ધા યોજાઈ છે જેમાં ભાગ લેનારાના ચિત્રો વિદેશમાં પ્રદર્શિત કરાશે અને વિદેશના લોકો સાથે સ્પર્ધકોને પત્ર મૈત્રીથી જોડવામાં આવશે. આ સ્પર્ધાનો હેતુ પણ ગાંધીજી વિષે શાળાના વિદ્યાર્થીથી કોલેજિયન યુવાન શું માને છે ? વિચારે છે ? જાણે છે ? તે જાણવાનો છે.

ગાંધીજીની વિચારધારા ફેલાવવાનું જ ધ્યેય લઈ બેઠેલા પિટર રયુહને સરકાર મદદ કરે છે. પિટરભાઈ અપરિણિત છે. અને જર્મનીની યુનિવર્સિટીમાં કમ્પ્યુટર પ્રોગ્રામર તરીકે પાર્ટ ટાઈમ નોકરી કરી ખર્ચ કાઢે છે.

એક વિદેશી આપણા આંગણે આવી ગાંધીજી વિષે આટઆટલું કરે અને એમ કહે કે ભારતમાં ગાંધીજી વિષે લોકો બહુ ઓછું જાણે છે તે આપણા માટે કેવું કહેવાય ?